પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર . ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા/જાહેરનામું/૨૫૫૩૨ /૨૦૨૧ તારીખ: ૨૪ /૧૨/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૨૬/૧૨/૨૦૨૧ ના રોજ ક.૧૦/૦૦ થી ૧૩/૦૦ તથા ક.૧૫/૦૦ થી ક.૧૮/૦૦ દરમ્યાન ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્રારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની પ્રિલીમીનરી પરીક્ષા કુલ-૨૯ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલો / હાઇસ્કુલોમાં લેવામાં આવનાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતિઓ ન થાય, પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરિક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરિક્ષા મુકત ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરિક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, કલેકટરશ્રી, વડોદરાના પત્ર ક્રમાંકઃકભય/GPSC/વશી/૩૧૧૯/૨૦૨૧, તા.૨૧/૧૨/૨૦૨૧ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તાઃ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબરઃ૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓને એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તાઃ૨૬/૧૨/૨૦૨૧ ના રોજ ક.૦૯/૦૦ થી ક.૧૯/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**-: કૃત્યો :-**

વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઇસ્કુલ) માં પરિક્ષા લેવાનાર છે જે-તે પરિક્ષા કેન્દ્રોની શાળાઓના પરિક્ષા ખંડની અંદર તાઃ૨૬/૧૨/૨૦૨૧ ના કલાકઃ૦૯:૦૦ થી ૧૯:૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન,વાયરલેસ સાહિત્ય વિગેરે લઇ જવા ઉપર, કે, ઇલેકટ્રોનીક ઉપકરણો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી, તથા પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી, કે લાઉડ સ્પિકર વગાડી શકશે નહી

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમા આવેલ તમામ પરિક્ષા કેન્દ્રની શાળાઓ/ હાઇસ્કુલની વિગત નિચે મુજબ છે.

**પરીક્ષા કેન્દ્રોની યાદી :-**

| અ.નં. | કેન્દ્ર (સ્કુલનું નામ) | પોલીસ સ્ટેશન |
|---|---|---|
| ૧ | બરોડા હાઇસ્કુલ, એકસપ્રેસ હોટલ, અલકાપુરી | સયાજીગંજ |
| ૨ | તેજસ વિધાલય ઇલોરોપાર્ક,સુભાનપુરા | ગોરવા |
| ૩ | સત્યનારાયણ વિધાલય, લક્ષ્મીપુરા રોડ, ગોરવા | લક્ષ્મીપુરા |
| ૪ | સી.એચ. વિધાલય, ટી.બી. હોસ્પીટલ, ગોત્રી રોડ વડોદરા. | ગોરવા |
| ૫ | શ્રી ટી.આર.પટેલ વિધાલય, સરદારનગર છાણીરોડ, નિઝામપુરા | ફતેગંજ |
| ૬ | સરસ્વિત વિધાલય, નિઝામપુરા | ફતેગંજ |
| ૭ | નવયુગ ઇંગ્લિશ મિડિયમ સ્કુલ, આનંદવન સોસા., સમા રોડ | સમા |
| ૮ | સર્વમંગલ વિધાલય, બ્રાઇટ CBSE યુનિટ પાછળ હરણી. | હરણી |
| ૯ | વિધ્યુત બોર્ડ વિધ્યાલય, વિધ્યુત નગર કોલોની, જુના પાદરા રોડ | ગોત્રી |
| ૧૦ | સંત કબિર સ્કુલ, રાણેશ્વર મંદિર સામે, વાસણા રોડ | જે.પી. |
| ૧૧ | શબરી વિધ્યાલય, વાસણા રોડ | ગોત્રી |
| ૧૨ | કેલવાણી ટ્રસ્ટ વિધ્યાલય, મ્યુનિસિપલ સ્ટેડિયમ પાસે, જુના પાદરા રોડ | ગોત્રી |
| ૧૩ | ઉત્કર્ષ વિધ્યાલય, ગદાપુરા, હરીનગર ગોત્રી રોડ | ગોત્રી |
| ૧૪ | શ્રી ક્રિષ્ણા હિન્દી હાઇસ્કુલ, પંડીત આત્મારામરોડ હિરાવંતી ચેમ્બર કારેલીબાગ | કારેલીબાગ |
| ૧૫ | સરદાર વિનય વિધામંદિર, આર્ય કન્યા વિધાલય પાસે કારેલીબાગ | કારેલીબાગ |
| ૧૬ | ન્યુઇરા ગર્લ્સ હાઇસ્કુલ, કારેલીબાગ પોલીસ સ્ટેશન પાસે, ભુતડીઝાપા | કારેલીબાગ |

| | | |
|---|---|---|
| ૧૭ | લાલબહાદુર શાસ્ત્રી વિધ્યાલય સંગમ ચાર રસ્તા હરણી રોડ | કારેલીબાગ |
| ૧૮ | મહારાણી કન્યા વિધ્યાલય, સુરસાગર ઉત્તર,રાવપુરાવપુરા | રાવપુરા |
| ૧૯ | સ્ટેલા મેરી સ્કુલ, સુવરંગ ગંગા પાર્ટી પ્લોટ, માંજલપુર | માંજલપુર |
| ૨૦ | બરોડા હાઇસ્કુલ, ઓ.એન.જી.સી.કોલોની, મકરપુરા રોડ | મકરપુરા |
| ૨૧ | ડોન બોસ્કો હાઇસ્કુલ, આકાશવાણી પાસે, મકરપુરા રોડ | મકરપુરા |
| ૨૨ | શ્રેયશ વિધ્યાલય (અગ્રેજી માધ્યમ), શ્રી રજનીકાંત નગર, માંજલપુર નાકા | મકરપુરા |
| ૨૩ | ન્યુઇરા હાઇસ્કુલ મકરપુરા એસ.ટી.ડેપો પાછળ વડોદરા. | મકરપુરા |
| ૨૪ | બરોડા પબ્લિક સ્કુલ, કાન્હા ગોલ્ડ, ડી-માર્ટ સામે, | પાણીગેટ |
| ૨૫ | શ્રી નારાયણ વિધ્યાલય, વાઘોડિયા ડભોઇ રીંગ રોડ | પાણીગેટ |
| ૨૬ | સરદાર વલ્લભભાઇ વિધ્યાલય, નવજીવન, આજવા રોડ | બાપોદ |
| ૨૭ | શ્રી અંબે વિધ્યાલય, બાપોદ જકાતનાકા પાસે, વાઘોડિયા રોડ | પાણીગેટ |
| ૨૮ | શ્રી સ્વામી વિવેકાનંદ વિધ્યાલય, પરીવાર ચાર રસ્તા, મહેશ કોમ્પ્લેક્ષ પાસે | પાણીગેટ |
| ૨૯ | શ્રી સ્વામી વિવેકાનંદ સ્કુલ, સોમા તળાવ, ડભોઈ વાઘોડીયા રીંગ રોડ | પાણીગેટ |

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત જાહેર સેવા આયોગના અધિકૃત અધિકારીઓ પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ ઇન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :- ૨૪ -ડીસેમ્બર -૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**નકલ રવાના :-**
(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.
૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી